ઓગસ્ટા કાંડમાં ફેમિલી-એપીની સંડોવણી

એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટના આક્ષેપને હથિયાર તરીકે ઉપયોગ કરીને મોદીએ કોંગ્રેસ અને ગાંધી પરિવાર પર પ્રહારો કર્યા : નવો મુદ્દો સપાટી ઉપર આવ્યો

લોકસભા ચુંટણીને લઈને રાજકીય ગરમી વધી રહી છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડમાં પરિવાર અને અહેમદ પટેલની સીધી સંડોવણી હોવાનો ઘટસ્ફોટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કર્યો હતો. ઈડીએ તેની ચોથ પુરક ચાર્જશીટમાં એવો આક્ષેપ પણ કર્યો હતો કે યુપીએ સરકારમાં મહત્વપૂર્ણ રાજકીય લોકોને જંગી કટકી ચૂકવી દેવામાં આવી છે. ઈડીની ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું છે કે ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડમાં પરિવાર અને અહેમદ પટેલની સીધી સંડોવણી રહેલી છે. મોદીએ આજે દહેરાદુનમાં એક ચુંટણી રેલીને સંબોધીને આકરા પ્રહાર કર્યા હતા. દહેરાદુનમાં રેલીમાં બોલતા મોદીએ ઓગસ્ટા વેસ્ટલેન્ડ વીવીઆઈપી હેલિકોપ્ટર સોદાબાજી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટના આક્ષેપોનો સીધી રીતે ઉલ્લેખ કર્યો હતો અને આ આક્ષેપોનો ઉપયોગ કોંગ્રેસ અને ગાંધી પરિવાર માટે કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે હેલિકોપ્ટર કૌભાંડમાં વચેટિયા દ્વારા કહેવામાં આવી રહ્યું છે કે તેઓએ એપી અને અન્ય ફેમને જંગી નાણાં ચુકવ્યા હતા. ફેમ એટલે ફેમેલી શબ્દોનો સમાવેશ થાય છે. ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે એપીનો મતલબ અહેમદ પટેલ અને ફેમનો મતલબ ગાંધી પરિવાર છે. ગુરૂવારના દિવસે ઈડી દ્વારા પુરક ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જેમાં મિશેલ દ્વારા કેટલીક બાબતોનો ખુલાસો કરવામાં આવ્યો હતો. ભાજપે દાવો કરતા કહ્યું છે કે અહેમદ પટેલ કોંગ્રેસના નજીકના સાથી તરીકે છે. બીજી બાજુ આજે કોર્ટમાં મિશેલે કહ્યું હતું કે તેના દ્વારા એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ દ્વારા કરવામાં આવી રહેલી તપાસ દરમિયાન કોઈના પણ નામનો ઉલ્લેખ કર્યો નથી. મિશેલે એફિડેવિટમાં આક્ષેપ કરતા કહ્યું છે કે કેન્દ્ર સરકાર રાજકીય દ્વેષભાવ માટે સંસ્થાઓનો ઉપયોગ કરી રહી છે. ઈડીએ તેની પૂરક ચાર્જશીટમાં આક્ષેપ કરતા કહ્યું છે કે યુપીએના મહત્વપૂર્ણ લોકો, ડિફેન્સના અધિકારીઓ અને અધિકારીઓને ઓગસ્ટા વેસ્ટલેન્ડની તરફેણમાં ૩૬૦૦ કરોડ રૂપિયાની સોદાબાજી કરવા જંગી નાણાં કટકી રીતે ચુકવવામાં આવ્યા હતા. નરેન્દ્ર મોદીએ આજે રેલીમાં આ મામલો ઉઠાવીને કોંગ્રેસ ઉપર ફરી એકવાર ભીંસ વધારી છે. મોદીએ આક્ષેપ કરતા કહ્યું છે કે ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડમાં પરિવાર અને અહેમદ પટેલની સંડોવણી છે તેમ ઈડીની ચાર્જશીટમાં દેખાઈ આવે છે.

તપાસ સંસ્થાની સામે કોઈનું પણ નામ લીધું નથી : મિશેલ

અહેમદ પટલે અને સુરજેવાલાના વળતા પ્રહાર : ચુંટણી વેળા ઈડીનો હથિયાર તરીકે અને ફાયદો ઉઠાવવા ઉપયોગ કરાઈ રહ્યો છે : સુરજેવાલાનો સરકાર પર આક્ષેપ

ઓગસ્ટા વેસ્ટલેન્ડને લઈને પૂરક ચાર્જશીટમાં ઈડી દ્વારા કરવામાં આવેલા આક્ષેપથી નવી રાજકીય ગરમી વધી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈડીના આક્ષેપને એકબાજુ હથિયાર બનાવીને ગાંધી પરિવાર અને અહેમદ પટેલ ઉપર પ્રહાર કર્યા છે. બીજી બાજુ આ કેસમાં વચેટિયા ક્રિશ્ચેન મિશેલે આજે દિલ્હી કોર્ટમાં કહ્યું હતું કે ઈડી દ્વારા તપાસ દરમિયાન સોદાબાજીના સંદર્ભમાં તેઓએ કોઈના પણ નામનો ઉલ્લેખ કર્યો નથી.

એફિડેવિટમાં મિશેલે કહ્યું છે કે કેન્દ્ર સરકાર રાજકીય દ્વેષ માટે તપાસ સંસ્થાઓનો ઉપયોગ કરી રહી છે. બીજી બાજુ અહેમદ પટેલે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વળતા પ્રહાર કર્યા છે. કોંગ્રેસ તરફથી રણદીપ સુરજેવાલાએ કહ્યું છે કે ચુંટણીમાં લાભ ઉઠાવવાના હેતુસર આ પ્રકારનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ચાર્જશીટમાં પાર્ટીના નેતાઓનો ઉલ્લેખ સસ્તી લોકપ્રિયતા મેળવવાનો રહેલો છે.

તેમણે કહ્યું છે કે ઈડી તરફથી લીક કરવામાં આવેલા એક સિંગલ અનસર્ટિફાઈડ પેજ લોકોનું ધ્યાન અન્યત્ર વાળવા તરફ રહેલું છે. મોદી સરકારની નિશ્ચિત હાર દેખાઈ રહી છે. જેથી લોકોનું ધ્યાન અન્યત્ર વાળવાનો પ્રયાસ થઈ રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ઈડી પણ હવે ચુંટણીમાં બિનજરૂરી રીતે હથિયાર તરીકે છે.

સરકારના ઈશારે ઈડી કામ કરી રહી છે. બીજી બાજુ કેન્દ્રિય મંત્રી અને વરિષ્ઠ ભાજપના નેતાએ કહ્યું છે કે દરેક વખતે કોઈને કોઈ વિવાદાસ્પદ ડિફેન્સ સમજૂતી આવી જાય છે. પુરાવા હંમેશા કોંગ્રેસ પાર્ટીના પરિવાર સાથે શરૂ થાય છે. આરજી, એપી અને ફેમ જેવા કાલ્પનિક પાત્રો ઉભા કરવામાં આળે તે બાબત પણ સમજાતી નથી. બ્લોગમાં લખવામાં આવ્યું છે કે તત્કાલિન સંરક્ષણ મંત્રી એકે એન્ટોની અથવા તો તત્કાલિન વડાપ્રધાન મનમોહનસિંહે સોદાબાજીમાં કોઈ ભૂમિકા ભજવી નથી. શંકાની સોય માત્ર એક પરિવાર અને એવા વ્યક્તિ પર જાય છે જે નિર્ણયો અંગે પ્રભુત્વ ધરાવે છે.

બીજી બાજુ ક્રિશ્ચેન મિશેલે સાફ શબ્દોમાં કહ્યું છે કે સોદાબાજીને લઈને કોઈના નામ આપ્યા નથી.

રાહુલ ગાંધી પાસે ૧૫ કરોડની સંપત્તિ

કેરળ વાયનાડ લોકસભા સીટ માટે ઉમેદવારીપત્ર ભરતી વેળા રાહુલ ગાંધીએ પોતે સંપત્તિ અંગેની આપેલી માહિતી

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની પાસે ૧૫ કરોડની સંપત્તિ રહેલી છે. છેલ્લા નાણાંકીય વર્ષમાં રાહુલ ગાંધીએ એક કરોડની કમાણી કરી છે. રાહુલ ગાંધીની સંપત્તિ છેલ્લા પાંચ વર્ષમાં ૬૮.૯૩ ટકા સુધી વધી ગઈ છે. હવે તેમની પાસે ૧૫.૮૮ કરોડની સંપત્તિ થઈ ગઈ છે. રાહુલ ગાંધીએ પોતે વાયનાડ લોકસભા બેઠક પર ઉમેદવારી પત્ર ભરતી વેળા આ માહિતી આપી છે. રાહુલ ગાંધીએ ઉમેદવારી પત્ર ભરતી વેળી એફિડેવિટમાં આ માહિતી આપી હતી. રાહુલની પાસે ૫.૮ કરોડની સ્થાવર અને ૯.૨ કરોડ રૂપિયાની જંગમ સંપત્તિ છે.

વર્ષ ૨૦૧૪માં ચૂંટણી યોજવામા ંઆવી ત્યારે રાહુલ ગાંધીએ તેમની સંપત્તિ ૯.૪૦ કરોડ રૂપિયા હોવાની વાત કરી હતી. વર્ષ ૨૦૦૪માં લોકસભા ચૂંટણી દરમિયાન કરવામાં આવેલી ઘોષણા મુજબ રાહુલ ગાંધીની પાસે સંપત્તિ છેલ્લા ૧૫ વર્ષમાં ૨૭૪૫ કરોડ રૂપિયા વધી ગઈ છે. વર્ષ ૨૦૦૪માં ઉમેદવારી પત્ર દાખલ કરતી વેળા રાહુલ ગાંધીએ જે એફિડેવિટ દાખલ કરી હતી તેમાં રાહુલ ગાંધીની સંપત્તિ ૫૬ લાખની આસપાસ આંકવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૦૯માં જ્યારે રાહુલ ગાંધીએ ઉમેદવારી દાખલ કરી ત્યારે તેમની સંપત્તિ વધીનવે બે કરોડ રૂપિયા થઈ ગઈ હતી. જે વર્ષ ૨૦૧૪માં વધીને નવ કરોડ ૪૦ લાખ રૂપિયા સુધી પહોંચી હતી. હવે આ સંપત્તિનો આંકડો ૧૫.૮૮ કરોડ સુધી પહોંચી ગયો છે. ભાજપના પ્રવકતા સંબિત પાત્રાએ કહ્યુ છે કે રાહુલ ગાંધીની સંપત્તિ ૨૦૦૪માં ૫૫ લાખ રૂપિયા હતી. જે અભૂતપૂર્વ રીતે વધીને વર્ષ ૨૦૧૪માં નવ કરોડ થઈ ગઈ હતી. રાહુલ ગાંધી પાસે આવકના કોઈ પ્રત્યક્ષ સોર્સ નથી. જેથી તેમની સંપત્તિ આટલી રેકોર્ડ ગતિથી કઈ રીતે વધી શકે છે. રાહુલ ગાંધી આ વિકાસના મોડલ અંગે માહિતી આપે તો વધારે લોકોને જાણ થશે. જો કે રાહુલ ગાંધીએ જે એફિડેવિટ કરી છે તે મુજબ તેમની પાસે કાર નથી. જ્યારે જુદી જુદી બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓની તેમના પર ૭૨ લાખ રૂપિયાનુ દેવુ છે.

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની સામે હાલ પાંચ કેસ

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની સામે કુલ પાંચ કેસો રહેલા છે. કેરળની વાયનાડ સીટ પરથી ઉમેદવારી પત્ર ભરતી વેળા તેની સાથે સુપ્રત કરવામાં આવેલી એફિડેવિટમાં રાહુલ ગાંધીએ આ મુજબની વાત કરી છે. એફિડેવિટના કહેવા મુજબ રાહુલ ગાંધીની સામે બે કેસો મહારાષ્ટ્રમાં રહેલા છે. જ્યારે ઝારખંડ, આસામ અને નવી દિલ્માં એક એક કેસ રહેલા છે. કોંગ્રેસ પ્રમુખની પાસે રોકડ સંપત્તિની વાત કરવામાં આવે તો આ રકમ ૪૦ હજાર રૂપિયાની છે. જુદી જુદી બેંકોમાં તેમના ૧૭.૯૩ લાખ રૂપિયા જમા છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ. ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. મતલબ એ થયો કે, ૧૭મી લોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો પર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે.

જો આપણે વડીલોની સલાહ ન માનીએ તો એ શરમજનક કહેવાય : રોબર્ટ વાડ્રા

અડવાણીના બહાને રોબર્ટ વાડ્રાના ભાજપ પર પ્રહાર

ન્યુ દિલ્હી,તા.૫

ગાંધીનગરની બેઠક પરથી ટિકિટ કપાયા બાદ ભારતીય જનતા પાર્ટીના લોહપુરુષ લાલકૃષ્ણ

અડવાણીએ પહેલી વખત ચૂપકીદી તોડી છે. અડવાણીના બ્લોગ બાદ તો જાણે દેશની રાજનીતિમાં ભૂકંપ આવી ગયો છે. વિરોધી પાર્ટીઓ ભાજપ પર નિશાન તાકી રહી છે. હવે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાના પતિ રોબર્ટ વાડ્રાએ પણ પોતાની ફેસબુક પોસ્ટ પર અડવાણીના પક્ષમાં વાત લખી છે. વાડ્રાએ લખ્યું કે જો આપણે આપણા વડીલોની સલાહ ન માનીએ તો એ શરમજનક કહેવાય.

રોબર્ટ વાડ્રાએ લખ્યું કે પાર્ટીના સૌથી મહત્વના સ્તંભ રહેલા વ્યક્તિને લાંબા સમયથી ભૂલી જવામાં આવ્યાં છે. જે નેતા પોતાની નીતિ અને શાસનકળાને લઈને ઓળખાય છે તેમનું સન્માન કરવું જોઈએ. તેમને આ રીતે અવગણવા ન જોઈએ. આ રીતે પોતાના સિનિયરની સલાહ ન માનવી શરમજનક છે.

ઉલ્લેખનીય છે કે અડવાણીએ ગુરુવારે એક બ્લોગ લખ્યો હતો. આ બ્લોગ ભાજપના સ્થાપના દિવસના અવસરે લખવામાં આવ્યો છે. આમાં અડવાણીએ કહ્યું કે તેમના માટે દેશ સૌથી પહેલો, એ પછી પાર્ટી અને છેલ્લે તેમની જાત છે. બ્લોગમાં તેમણે એમ પણ લખ્યું કે જે પાર્ટી કે વ્યક્તિ આપણા વિપક્ષમાં હોય તેને કદી વિરોધી કે દેશદ્રોહી ન ગણવા જોઈએ.

મોદીની સેના તો આતંકવાદીઓને ઘરમાં ઘુસીને મારે છે : નકવી

યોગી બાદ વધુ એક ભાજપ નેતાનું વિવાદાસ્પદ નિવેદન : નકવીએ મોદીની સેના કહેતા ચૂંટણી પંચે નોટિસ ફટકારી જવાબ માંગ્યો

ન્યુ દિલ્હી,તા.૫

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ સેનાને લઈને આપેલો વિવાદ હજી શાંત પણ નથી પડ્યો ત્યાં ભાજપ સરકારના વધુ એક કેન્દ્રીય મંત્રીએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. આ મામલે ચૂંટણી પંચે તેમને નોટિસ ફટકારી છે. આ બંને નેતાઓએ ભારતીય સેનાને 'મોદીની સેના' કહીને સંબોધિત કરી હતી.

કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીને ચૂંટણી પંચ તરફથી નોટિસ ફટકારવામાં આવી છે. મુખ્તાર અબ્બાસ નકવીએ ઉત્તર પ્રદેશના રામપુરામાં કહ્યું કે, 'મોદીની સેના' તો આતંકવાદીઓને ઘરમાં ઘુસીને મારે છે. આ નિવેદન પર ઉત્તરપ્રદેશ ચૂંટણી પંચે રિપોર્ટ અહેવાલ માગ્યો છે.

આ રિપોર્ટમાં નિવેદનનો વીડિયો પણ સામેલ કરવામાં આવશે. ત્યારબાદ તપાસ હાથ ધરવામાં આવશે. જેમા નિષ્ણાતોની ટીમ બારીકાઈથી તેનો અભ્યાસ કરશે. ત્યારબાદ જ આ અંગે કાર્યવાહી કરવા માટે કોઈ નિર્ણય લેવામા આવશે.

આ અગાઉ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ભારતીય સેનાને મોદીની સેના કહીને સંબોધિત કરી હતી. યોગી કહ્યું હતું તે, મોદીજીની સેનાએ આતંકીઓને ઘરમાં ઘુસીને માર્યા છે. તેમને વિચારવું જોઈએ કે આ કોઈ એક વ્યક્તિની નહીં પણ હિન્દુસ્તાનની સેના છે. આ નિવેદન બાદ ચૂંટણી પંચે યોગી આદિત્યનાથને નોટિસ ફટકારી હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સુપ્રીમનો ઈન્કાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રેલવે ટ્રેક ઉપર નાકાબંધીમાં ઉતરી ગયા હતા. હાઈવે ઉપર દેખાવ કરવામાં આવ્યા હતા. ગુર્જર સમુદાયના લોકોએ સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં ક્વોટાની માંગ કરી હતી. રાજસ્થાન સરકાર દ્વારા કરવામાં આવેલા નિર્ણયને લઈને કેટલીક સંસ્થાઓ અને વિરોધ પક્ષોએ વિરોધ કરીને આની સામે વાંધો ઉઠાવ્યો હતો. આ સંદર્ભમાં રાજસ્થાન સરકારના નિર્ણય પર સ્ટે મુકવાની માંગ કરીને સુપ્રિમ કોર્ટમાં રજુઆત કરવામાં આવી હતી. આજે સુપ્રિમ કોર્ટે સ્ટે મુકવાની માંગ કરતી અરજીને ફગાવી દેતા રાજસ્થાન સરકારને એકબાજુ રાહત થઈ છે. સુપ્રિમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે તે આ મામલામાં દરમિયાનગીરી કરશે નહીં. રાજ્ય સરકારે પાંચ ટકા અનામતનો નિર્ણય લીધો હતો.

વિજળીનો વપરાશ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વપરાશ વધ્યો છે. દરેક ઘરોમાં એ સી ધમધમી રહ્યા છે. દિવસની અંગ દઝાડતી ગરમીમાં નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. જયારે આક્રમક ગરમીએ સૌ કોઈને સુન્ન કરી દીધા છે. માર્ચના અંતિમ દિવસોથી જ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર થતા ઉનાળાઓ સમય કરતા વહેલો આકરો પુરવાર થઈ રહ્યો છે. જયારે એપ્રિલના પ્રારંભે પણ આકાશમાંથી અંગારા વરસતા ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ છે. આકરી ગરમીએ સૌ કોઈને બેબાકળા કરી દીધા છે. આવા સંજોગોમાં શહેરના મોટાભાગના ઘરોમાં બપોરે તેમજ રાત્રિના સમયે એ સી ધમધમતા જોવા મળી રહ્યા છે. જયારે પાટનગર હોવાના નાતે શહેરમાં અનેકવિધ સરકારી કચેરીઓ પણ સ્થિત છે. આવા સંજોગોમાં સરકારી કચેરીઓમાં પણ સતત એ સી ચાલુ રહેતા વિજ પ્રવાહની માંગ વધી રહી છે. છેલ્લા એક દાયકામાં વિજળીનો સપ્લાય વધારવા માટે પણ અનેક પ્રયાસો થયા છે. જયારે નગરજનોની વિજપ્રવાહની જરૂરિયાતને પહોંચી વળવા માટે ટોરેન્ટ પાવર દ્વારા પણ લાઈનને અપગ્રેડ કરવાનુ કામ જરૂરિયાત મુજબ હાથ ધરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં લાઈનમાં ટ્રીપીંગ થતુ હોવાની ફરિયાદો પણ વધી છે. વિજળીનો ઉપયોગ વધવાની સામે વધતી ડિમાન્ડને ધ્યાને લઈ પાવર સપ્લાય વધારવામાં રસ ન દાખવતા રહીશોને આ હાલાકી વેઠવી પડે છે. એક એક ઘરમાં એક થી વધુ એ સી ધમધમતાજુના વિજજોડાણ મુજબ વિજપ્રવાહનો સપ્લાય સરળતાથી થઈ શકે તેમ ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે આવા કિસ્સામાં ટ્રીપીંગ તેમજ લાઈટો ડુલ થવાની ફરિયાદો પણ વધી છે. ભુતકાળમાં આ સ્થિતિને અનુલક્ષી આધુનિક ઉપકરણોને પણ મોટુ નુકશાન થયુ હોવાના દાખલા છે. શહેરમાં ઉનાળો શરૂઆતથી જ આકરો થતા આડા દિવસોની સાપેક્ષમાં વિજળીનો ઉપયોગ પણ બેવડાયો છે. શિયાળાની સાપેક્ષમાં આકરી ગરમીના દિવસોમાં બેવડાથી પણ વધુ વિજળી વપરાતા હજુ આગામી દિવસોમાં ગરમી વધતા વિજળીનો વપરાશ વધશે. ત્યારે જવાબદાર તંત્રએ પણ આ મામલે જરૂર મુજબ નેટવર્ક અપગ્રેડ કરવુ પડશે. ગરમીના દિવસો સિવાય પણ શહેરમાં એક અંદાજ મુજબ ૨૫ થી ૩૦ મેગાવોટ વિજવપરાશ થતો હોય છે.

પ્રવેશ અપાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિકલાંગ, શહીદ થટેલા જવાનોના બાળકોને શહેરની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધો -૧ માં પ્રવેશ આપવા માટે આયોજન કરાયુ છે. આગામી તા ૧૫ એપ્રિલ સુધી ફોર્મ ભરવાની પ્રક્રીયાના અંતે ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારના ૬ કેન્દ્રો પર આ ફોર્મ જમા કરાવા માટે પણ જણાંવાયુ છે. જેમાં સે-૭ સ્થિત જે એમ ચૌધરી કન્યા શાળા , સે-૨૨ સ્થિત સ્વામિનારાયણ શિશુવિહાર વિદ્યાલય,સે-૨૩ ની આર એન પટેલ પ્રાયમરી સ્કુલ, સે-૧૬ અને સે-૮ ની સરકારી પ્રાથમિક શાળા ખાતે ફોર્મ સ્વીકારવામાં આવશે.

વાંધા મુદ્દા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શાહ દ્વારા ઉમેદવાર તરીકે રજુ કરાયેલ સોગંદનામાને લઈ કોંગ્રેસ પક્ષના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાએ લેખિતમાં અને મૌખિક રજુઆત દ્વારા વાંધા રજુ કર્યા હતા પરંતુ તે વાંધા ચૂંટણીના ઉમેદવાર તરીકે અસરકર્તા ન હોઈ ચૂંટણી અધિકારી લાંગાએ તે ફગાવી દઈને ઉમેદવારીપત્ર માન્ય કરવામાં આવે છે તેમ જાહેર કર્યુ હતુ.

ઉમેદવારીપત્રોની ચકાસણી સંપન્ન થયા બાદ કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાએ પત્રકારોને જણાવ્યુ હતુ કે સોગંદનામામાં અનેક વિસંગતતાઓ છે. તેમણે અનેક વિગતો છુપાવી છે તેમજ સોગંદનામામાં ખોટી માહિતી છે.

ડૉ. ચાવડાએ જણાવ્યુ હતુ કે ગિરવે મુકાયેલા પ્લોટની કોઈ માહિતી સોગંદનામામાં નથી તેમજ તેના પર લેવાયેલ લોન સંદર્ભની માહિતી પણ છુપાવવામાં આવી છે.

ડૉ. ચાવડાએ આ અંગે રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીને એક વિસ્તૃત પત્ર લખી રજુઆત કરી છે. આ પત્રમાં ડૉ. ચાવડાએ સુપ્રીમ કોર્ટના કેટલાક ચુકાદાઓને પણ ટાંક્યા છે.

તો બીજી તરફ ભાજપના ઉમેદવાર અમીત શાહ દ્વારા કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાના સોગંદનામાને લઈ પણ વાંધા મુદ્દા રજુ કરાયા હતા. તેમણે ડૉ. ચાવડાના સોગંદનામામાં કેટલીક વિગતો જે ખાનામાં ભરવી જોઈએ તે ભરી નથી.

જોકે એચ.યુ.એફ.ને લગતી વિગતોમાં તે વિગતો રજુ કરાઈ હોવાનું જણાયુ હતુ.

આ વાંધા મુદ્દાને પણ જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારીએ ફગાવી દીધા હતા અને બન્ને ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય કરાયેલા જાહેર કરાયા હતા.

ભાજપના ઉમેદવાર અમીતભાઈ શાહ દ્વારા ગઈકાલે રજુ થયેલા વધુ બે ઉમેદવારીપત્રોને લઈ પણ આજે રાજકીય ગલિયારીઓમાં તે મુદ્દો છવાયેલો રહ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ઉમેદવાર દ્વારા ફોર્મ ૪ સેટમાં રજુ કરી શકાય છે. ગઈકાલે રજુ થયેલા બે ફોર્મ એ તેમના દરખાસ્ત મુકનાર દ્વારા રજુ થયા હતા. આ રીતે ફોર્મ રજુ કરી શકાય છે તેવી સ્પષ્ટ જોગવાઈ ચૂંટણીના નિયમોમાં છે. ઉમેદવારે હાજર રહેવુ ફરજીયાત નથી. જોકે ઉમેદવારની સહિ સાચી છે કે નહિ તેની ચકાસણી કરવામાં આવતી હોય છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ